અરવલ્લી જિલ્લામાંથી પસાર થતા પદયાત્રીઓ

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જિલ્લામાં સોમવારે આકાશે કાળા ડિબાંગ વાદળો અને ગાજવીજ સાથે સાર્વત્રિક વરસાદ અને હળવાથી ભારે વરસાદી ઝાપટા વચ્ચે જિલ્લામાંથી પસાર થતા પદયાત્રીઓ ચાલો બુલાવા આયા હે...માતાને બુલાયા હે ના જયઘોષ વચ્ચે આસ્થા સાથે વરસતા વરસાદ વચ્ચે પંચમહાલ, સુરત, વડોદરા, મહીસાગર, ખેડા જિલ્લાના પદયાત્રીઓનો ભારે ધસારો યથાવત જોવા મળ્યો હતો. જિલ્લામાં સાર્વત્રિક વરસાદ ખાબકતા ખેડતોમાં આનંદ છવાયો હતો.

જગત જનની માં અંબા ભવાનીના ભાદરવાના પૂનમના મહામેળામાં દૂરદૂરથી માઈભક્તો આ શક્તિપીઠને જોડતા માર્ગો પર સોમવારે ધોધમાર વરસાદની વચ્ચે આગળ વધી રહ્યા છે અરવલ્લીની ગિરિમાળાઓ અને જાહેરમાર્ગો પર ધોધમાર વરસાદ જાણે વિઘ્ન બન્યો હોય તેમ પણ માં અંબેના માઈ ભક્તો આસ્થા સાથે જય અંબેના નાદ સાથે માના રથ અને ભક્તો વરસાદથી બચવા પ્લાસ્ટિક અને છત્રીઓ સાથે પસાર થતા નજરે ચડતા હતા. વરસાદીની હેલી વચ્ચે ભીંજાતા માહોલ સાથે માઈભક્તો મુખે માં જગદંબાના સ્મરણ સાથે જાણે અગોચર શક્તિના સંચારથી ભારે ઉમંગભેર અંબાજીના માર્ગો કાપી રહ્યા છે. મહારાષ્ટ્ર, સુરત, વડોદરા, નડિયાદ, પંચમહાલ, મહીસાગરના માઈભક્તો ભજન કીર્તન સાથે ગરબાની રમઝટથી આહલાદક અને ભક્તિમય માહોલ સર્જાયો છે.

અરવલ્લી જિલ્લામાં કાળા ડિબાંગ વાદળો વચ્ચે ઝરમર ઝરમર વરસાદ અને ભારે ઝાપટા સાથે એક કલાકમાં એક ઇંચ વરસાદ ખાબકતા ઠેર-ઠેર પાણી ભરાયા હતા અને ખેતરોમાં ઉભેલા પાકને ફાયદારુપી વરસાદ પડતા ખેડૂતોમાં આનંદ છવાયો હતો અને અસહ્ય બફારા અને ઉકળાટ અને ગરમીથી તોબા પોકારી ઉઠેલા જિલ્લાવાસીઓ એ આંશિક રાહત અનુભવી હતી.

ભિલોડા તાલુકાના મઉ છાપરામાં વીજળી પડતા બે ખેડૂતના મોત

ભિલોડા, તા. ૨૮

અરવલ્લી જિલ્લા માં આજે ભારે ગાજવીજ સાથે તોફાની વરસાદ થતો ભિલોડા તાલુકા ના માઉં છાપરા ગામ ના બે ખેડૂતો ખેતર માં ખેતી કામ કરી રહ્યા હતા તેવા સમય માં એકાએક વીજળી સાથે કડાકા ભડાકા સાથે વરસાદ શરુ થતા ખેતર માં કામ કરતા ૫૫ વર્ષીય બેચરભાઈ તરાર તથા ૫૨ વર્ષીય ભલાભાઈ તરાર ની ઉપર અવકાશી વીજળી પડતા શરીર ના ભાગે બળી જવા પામ્યા હતા અને જોત જોતા માં બંને ખેડૂતો ના મોત થયા છે સમાચાર મળતા ની સાથે પરિવારજનો ગયા તે પહેલા બંને ના મોત નિપજ્યા હતા બંને ખેડૂતો ને તાત્કાલિક ભિલોડા કોટેજ હોસ્પિટલ માં પોસ્ટ મોર્ટમ માટે ખસેડાયા હતા અરવલ્લી જિલ્લા કલેકટર શાલિની અગ્રવાલ ને જાણ થતા નિવાસી કલેકટર ઠાકોર દ્વારા ભિલોડા ના મામલતદાર તેમજ પોલીસ ને જાણ કરી તાત્કાલિક સરકાર દવારા મળતી સહાય ની ખાતરી આપી હતી અને શ્રદ્ધાંજલિ

પણ આપી છે કલેકટર ની સૂચના મુજબ ભિલોડા ના તમામ અધિકારીઓ ઘટના સ્થળ થી બંને ના મૃતદેહો હોસ્પિટલ માં મોકલવામાં આવ્યા છે ભિલોડા ના ધારાસભ્ય અનિલ જોષીયારા તેમજ ભારતીય જાણતા પાર્ટી ના કાર્યકરો પણ પહોંચી ગયા હતા સરકાર માં રજૂઆત કરી મળવા પાત્ર સહાય ની ખાતરી આપી હતી પરિવારજનો ને સંતાનત્વ આપ્યું હતું આ સંદર્ભે અમારા પ્રતિનિધિ એ અરવલ્લી જિલ્લા કલેકટર શાલિની અગ્રવાલ સાથે વાત કરી ત્યારે તેમને જણાવ્યું હતું કે અમે આ બંને કિસાનો ને તમામ પ્રકાર ની મદદ કરવું છું.

પાલનપુરમાં પાણીની કુંડીમાં પડી જતા બાળકનું મોત

પાલનપુરના સલેમપુરા દરવાજા વિસ્તારમાં એક કરુણાતિકા સર્જાઈ હતી. જેમાં ઘર આગળ રમી રહેલો ૩ વર્ષીય બાળક કુંડીમાં પડી જતા ડૂબી જવાથી તેનું મોત નિપજ્યું હતું.

પાલનપુરના સલેમપુરા દરવાજા વિસ્તારમાં રહેતા મહેન્દ્રભાઈ સોલંકીનો પરિવાર રહે છે. જેમનો ૩ વર્ષીય દીકરો 'યુવરાજ' આજે પાણીની કુંડીમાં પડી ગયો હતો. જેનું ડૂબી જતા મોત નીપજ્યું હતું. દરમિયાન, બાળકને પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો. જ્યાં ફરજ પરના તબીબે બાળકને મૃત જાહેર કર્યો હતો. જે સમાચાર સાંભળતા જ તેના પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું. મૃતક યુવરાજ સોલંકી પરિવારનો એક માત્ર કુલદીપક હોવાના અહેવાલ વચ્ચે સિવિલનું વાતાવરણ પણ ગમગીન બની ગયું હતું.

સાબરકાંઠા જીલ્લાના હિમતનગરમાં આવેલ જીલ્લા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે સોમવાર થી સાત દિવસ માટે ચાલનાર અંબાજી પગપાળા પદયાત્રીઓ માટેના વિસામાનો જીલ્લા પોલીસ વડા પી.એલ.માલ,જીલ્લા કલેકટર પી.સ્વરૂપ,જીલ્લા મુખ્ય ન્યાયધીશ કે.બી.ગુજરાથી,સાંસદ-દીપસિંહ રાઠોડ,જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રસિંહ કુંપાવત અને સ્થાનિક ધારાસભ્ય રાજેદ્દ્રસિંહ ચાવડાના હસ્તે પ્રારંભ કરી માતાજીની આરતી ઉતારવામાં આવી હતી ત્યારબાદ અંબાજી જતા પદયાત્રીઓને તમામ ઉપસ્થિત અધિકારીઓ અને પદાધિકારીઓએ ભોજન પીરસ્યું હતું.

અંબાજી જતા પદયાત્રીઓ માટે ઝાલોદર પાસે રામદેવ વિસામાનો પ્રારંભ

અરવલ્લી જિલ્લામાં મોડાસા નજીક માલપુર રોડ ઉપર જલોદર ગામે આજથી સતત બીજા વર્ષે માં જગદંબાના ધામ અંબાજી જતા પદયાત્રી માટે શ્રી રામદેવ વિસામા પરિવાર દ્વારા અખંડ જ્યોત પ્રગટ્ય તથા તથા વિસમાનું આયોજન કરાયું છે. ગણેશ ચતુર્થીથી શરુ થયેલ વિસામામાં રોજના ૩૦૦૦થી વધુ માઈ ભક્તો દરરોજ વિસામામાં ભોજન પ્રસાદ ગ્રહણ કરે છે. શ્રી રામદેવ વિસામા પરિવારના આ વિસમાના આયોજકો લખાભાઈ પટેલ (ઝાલોદર), નરેશભાઈ કે. પંચાલ (ઝાલોદર), ભગવાનભાઈ એન. પટેલ(જીતપુર) અને મનુભાઈ એસ. પટેલ(રાજપુર-મહાદેવગ્રામ) અને સ્થાનિકો સતત બીજા વર્ષે પણ પદયાત્રી વિસામામાં ઉપસ્થિત રહી આયોજન સેવા સંભાળશે.

પૂંસરી ગામની વણઝારા સમાજની દિકરી દેશના સુરક્ષા દળમાં સામેલ

વણઝારા સમાજમાંથી સૌ પ્રથમવાર જ કોઈ મહિલા સીમા સુરક્ષા બળમાં સામેલ : પૂંસરીમાં દિકરીનું ભવ્ય સન્માન કરાયું

તલોદ, તા. ૨૮

મહિલા સશક્તિકરણ અને મહિલા પુરૂષ સમોવડી જેવી બાબતોને સમર્થન મળે તેવી હિંમત હવે મહિલાઓ દાખવવા માંડી છે. જેમાં પોલીસ, ડ્રાયવર, ફાયર, કંડકટર, રીક્ષાચાલક, રેલવે તેમજ વિમાન જેવી આકરી જગ્યાઓએ ફરજ બજાવી પોતાનું કૌશલ્ય દાખવતી થઈ છે. જેમાં વળી સાબરકાંઠા જિલ્લાના પુંસરી ગામની વિચરતી વિમુક્ત અતિ પછાત, જાતિની દિકરીએ દેશના સુરક્ષા બળમાં સામેલ થઈ મહિલાઓનું ગૌરવ વધારી રાહ બતાવ્યો છે. આ દિકરીના આ સાહસને પુંસરી ગામમાં ફુલડે વધાવી ભવ્ય સન્માન આપવામાં આવ્યું હતું.

મળેલ વિગતો મુજબ સાબરકાંઠા જિલ્લાના પુંસરી ગામે એક અકલ્પનિય સુખદ પ્રસંગ આયોજીત થયો હતો. જેમાં પુંસરી ગામે વર્ષોથી વસવાટ કરતા નાગજી રામાજી વણઝારા તથા વશુબેન વણઝારાના સંતાનોમાં ૪ દિકરા અને ૪ દિકરી છે. આ તમામ પરિવાર ખેત મજુરી કરી ગુજરાતન ચલાવે છે. જે પૈકી શારદાબેન નામની દિકરી ભણવામાં હોંશિયાર તેમજ રમતગમત તથા અન્ય ઈતર પ્રવૃત્તિમાં અવ્વલ નંબર હતી. જે કારણે આ દિકરીએ દેશના સુરક્ષાબળો પૈકી સીમા સુરક્ષા બળમાં સામેલ થવા પ્રક્રિયા કરી હતી. જેમાં તે પુર્ણ રીતે સફળતાને વરી હતી અને તેને સીમા સુરક્ષા બળમાં ભરતી કરીને હિમાચલ પ્રદેશ ખાતે તાલીમમાં સામેલ કરવા જણાવાયુ હતુ. વિચરતી વિમુક્ત એવી અતિ પછાત જાતિ વણઝારા કોમમાંથી સૌ પ્રથમ કોઈ દિકરી દેશની સુરક્ષામાં સામેલ થઈ હોય તેવી અભૂતપૂર્વ ઘટના બની છે. જે કારણે સમાજમાં ગૌરવની લાગણી ઉભી થઈ છે. વણઝારા સમાજની આ દિકરીના દેશ માટે કંઈ કરી છુટવાના આ સરાહનીય પ્રયાસને પુંસરી ગામે આવકાર્યો હતો. અને તેને સન્માનિત કરવાનો નિર્ણય લઈ તાજેતરમાં એક ભવ્ય પ્રસંગનું આયોજન થયું હતું.

પુંસરી ગામના પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય નરેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ પ્રસંગે વણઝારા શારદાબેનને ફૂલહારથી સન્માનિત કરી તેના આ કાર્યને શબ્દોથી આવકારી બિરદાવવામાં આવ્યા હતા. તેમજ તેની આ ફરજમાં સમાજ તથા સમસ્ત ગ્રામજનો તેની પડખે હોવાથી લાગણીવશ કરાઈ હતી. હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના મહિલા સશક્તિકરણ અભિયાનને આ દિકરીએ આગળ ધપાવવામાં મદદરૂપ બની તેવી બનેલી આ ઘટના દેશની ઝાંબાઝ મહિલાઓને પ્રેરણા પુરી પાડશે તેવું વાતાવરણ ઉભુ થયું છે.

ભિલોડાના કિશનગઢ ગામે પશુઓની તંદુરસ્તી માટે ચુંદડી મહોત્સવ ઉજવાયો

ભિલોડા,તા.૨૮

ભિલોડા તાલુકાના કિશનગઢ ગામમાં પશુઓની તંદુરસ્તી માટે ચુંદડી મહોત્સવ ઉજવાયો હતો. પૌરાણિક ચામુંડા માતાજીના મંદીરમાં ચુંદડી મહોત્સવ નિમિત્તે માંઈભક્તો ઉમટ્યા હતા. કિશનગઢ ગામમાં ભાદરવા મહિનાના પ્રથમ રવીવારે અંદાજીત ૯૦૦ વર્ષ પુરાણા ચામુંડા માતાજીના મંદીરે ચુંદડી મહોત્સવ યોજાયો હતો. શ્રધ્ધાળુઓ માંઈભક્તો મોટી સંખ્યામાં દર્શનનાર્થે ઉમટ્યા હતા. કિશનગઢ ગામમાં ચામુંડા માતાજીના મંદીરમાં પશુધનની તંદુરસ્તી માટે ઉજવાતા ચુંદડી મહોત્સવમાં શ્રધ્ધાળુ માંઈભકતો દર્શનાર્થે ઉમટ્યા હતા.

કિશનગઢ ચામુંડા માતાજી મંદીર, માંઈબાળ જયંતાનંદજી મહારાજએ જણાવ્યું હતું કે ચામુંડા માતાજી પ્રત્યે શ્રધ્ધાળુઓ આસ્થા ધરાવે છે. કિશનગઢ ગામમાં ૯૦૦ વર્ષ પુરાણા ચામુંડા માતાજીના મંદીરમાં છેલ્લા કેટલાક વર્ષોથી ચુંદડી મહોત્સવનું આયોજન ભાદરવા માસના પ્રથમ રવીવારે

ધાર્મિક કાર્યક્રમ યોજાય છે.વડવાઓના જણાવ્યા મુજબ એવું કહેવાય છે કે મુઘલોએ કિશનગઢ મંદીર પર ચઢાઈ કરતાં મંદીરને તોડફોડ કરી હતી. ચામુંડા માતાજીના મુર્તીના નાકને ખંડીત કરતાં ખંડેતર માતાજી તરીકે ઓળખાય છે. ચામુંડા માતાજી મંદીરએ ચુંદડી મહોત્સવ ભક્તિભાવ પુર્વક દબદબાભેર ઉજવાયો હતો.

કિશનગઢ ચામુંડા માતાજી મંદીરએ યજમાન પદે શૈલેષભાઈ રમણભાઈ પટેલ, પરીવારએ મહોત્સવમાં પુજા,અર્ચના કરી હતી. વાજતે-ગાજતે શોભાયાત્રા નીકળી હતી. શોભાયાત્રામાં અબીલ-ગુલાલની છોળ ઉડતી હતી ત્યારે શોભાયાત્રા નીજ મંદીરએ પરત ફરી હતી. ચામુંડા માતાજી મંદીરએ માતાજીની ચુંદડીને શાસ્ત્રોક્ત વિધિવિધાન મુજબ અલૌકિક નયનરમ્ય શણગાર માતાજીને આપવામાં અવ્યો હતો. ચામુંડા માતાજીના મંદીરએ ગૌમાતા શ્રી શ્રી કપિલા કામધેનું માતાની સમાધિ જીલ્લાભરમાં માત્ર એક જગ્યાએ જ હોવાના કારણે ભાવિક ભક્તો દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા છે. ચામુંડા માતાજી મંદીરમાં ચુંદડી મહોત્સવ કાર્યક્રમને સફળ બનાવવા મહિલા મંડળ, માંઈભક્તો, યુવાનો,ગ્રામજનોએ જહેમત ઉઠાવી હતી.

પાલનપુરમાં ૨૭ વર્ષીય યુવતીએ કર્યો આપઘાત

પાલનપુર શહેરના આબુ હાઈવે પર આવેલી બાલાજી સીટી સોસાયટીમાં રહેતી એક ૨૭ વર્ષીય યુવતીએ આપઘાત કરતા ચકચાર મચી જવા પામી છે.

પાલનપુરની બાલાજી સીટી સોસાયટીમાં રહેતી ૨૭ વર્ષીય ઝંખનાબેન નિકુંજભાઈ પરમારના તાજેતરમાં જ લગ્ન થયા છે. જે ગઈકાલે સાસરેથી પોતાના પિયર પાલનપુર આવી હતી. જ્યાં તેણે અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લીધી હતી. ઝંખના પરમારના આપઘાત નું રહસ્ય અકબંધ રહ્યું હતું. મૃતક ના મૃતદેહને પી.એમ. માટે પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો.

હિમતનગર, ઈડર અને વડાલીમાં એક એક ઇંચ વરસાદ

સાબરકાંઠા જીલ્લા માં આજ બપોર બાદ એકએક વાતાવરણમાં પલટો આવી ગયો અને આકાશ કાળા ડીબાંગ વાદળો સાથે વરસાદ શરુ થયો હતો જીલ્લાના હિમતનગર,ઈડર અને વડાલીમાં બે કલાકમાં એક એક ઇંચ વરસાદ વરસ્યો હતો જેને લઈને માર્ગો પર પાણી ભરાયા હતા. હિમતનગર સહીતવધુ એક વાર વરસાદી માહોલ સર્જાયો છે જેના પગલે જીલ્લા તમામ તાલુકાઓમાં મેઘ મહેર થઈ છે જેમાં છેલા ૨ કલાક માં હિમતનગર ૧ ઇંચ,ઈડર ૧ ઇંચ, વડાલીમાં ૧ ઇંચ વરસાદ નોધાયો છે.

મહેસાણામાં ભગવાન મહાવીર સહિત તપસ્વીઓની ભવ્ય શોભાયાત્રા

મહેસાણા, તા. ૨૮

મહેસાણા જિલ્લામાં દર વર્ષની જેમ આ વખતે પણ ભગવાન મહાવીરની નગરચર્યા નીકળી હતી. જિલ્લાના તમામ જૈન સમુદાયના ભક્તો સહિત મુનિઓ અને તપસ્વીઓ આજે રથયાત્રામાં જોડાયા હતા. આ રેલીમાં બગીઓ સહિત ત્રણ રથ પણ સામેલ હતા. મહેસાણામાં આજે પર્યુષણ પર્વના અંતિમ દિવસે મહેસાણાના આઝાદ ચોકમાંથી ભવ્ય શોભાયાત્રા આજે જૈન સમાજ દ્વારા કાઢવામાં આવી હતી. જેમાં જિલ્લાના જૈન બંધુઓ હાજર રહ્યા હતા. જિલ્લામાં આવેલ જૈન મુનીઓ સહિત જૈન બંધુઓએ જે તપ કાર્ય કર્યા હતા તે સમાજને શોભાવે છે તેમ માનીને સિદ્ધિ તપ કરનારા તપસ્વીઓને આજે ભવ્ય બગીઓમાં નગરચર્યા કરવામાં આવી હતી. જ્યારે ભગવાન મહાવીર પણ આજે મહેસાણાના જુદા જુદા વિસ્તારમાં નગરચર્યા કરી હતી. ભવ્ય અંગી સહિત સજાવેલા રથોએ ભારે આકર્ષણ જમાવ્યુ હતુ. જિલ્લાના તમામ તપસ્વીઓને વિવિધ બગીમાં બેસાડીને નગરચર્યા કરવામાં આવી હતી. જેમાં ૪૦ થી વધુ બગીઓ આ શોભાયાત્રામાં હોવાનું જાણવા મળી રહ્યું છે.

કપાસનું બિયારણ તૈયાર કરી ૩૫ કરોડ નહિ આપતા કલેકટરને ખેડૂતોએ આવેદનપત્ર આપ્યું

હિમતનગરમાં સોમવારે જીલ્લા કલેકટરને ખેડૂતો ધ્વારા આવેદનપત્ર આપી હૈદરાબાદની વિભા સીડ્સ કંપની સામે કાર્યવાહી કરવા આવેદનપત્ર આપ્યું હતું.

સમગ્ર ભારતમાં કપાસના બિયારણ માટે સાબરકાંઠા પ્રખ્યાત છે જોકે છેલ્લા ત્રણ વર્ષથી ૩૫ કરોડથી વધુની રકમ સ્થાનિક ખેડૂતોને નહિ મળતા આજે જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપી વિરોધ નોધાવી અગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ આપી હતી.હૈદરાબાદની વિભા સીડ્સ નામની બિયારણની કંપનીએ હજજારો ખેડૂતો સાથે ૩ વર્ષથી કપાસ ના બિયારણ નું પેમેન્ટ ન આપી છેતરપીડી કરી છે.જેને લઈને તે કંપની સામે કાર્યવાહી થાય અને ખેડૂતોને તેમના હક્કના નાણા મળે તેને લઈને જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપી માંગણી કરી છે જોકે અગામી દિવસોમાં હવે ખેડૂતો આ મુદ્દે ઉગ્ર લડત ના મુડ માં દેખાયા છે.